eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 91
February 23, 2007

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૦ (હરિપુરા–મહિધરપુરા–રામપુરા –લાલદરવાજા) વિસ્તારમાં જનજાગૃતિ કાર્યક્રમ




ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન ધ્વારા રૂધનાથપુરા મલાર શેરીમાં આવેલ રંગઅવધુત બાગમાં જનજાગૃતિ માટેના એક કાર્યક્રમનું આયોજન કોર્પોરેટર શ્રી જે. પી. શાહના પ્રમુખપદ અને કોર્પોરેટરશ્રી મનોજભાઈ લોટવાલા અને સ્મિતાબેન પટેલના અતિથિવિશેષપદે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સેન્ટ્રલ ઝોનના આસી. આરોગ્ય અધિકારી ડો. પ્રદીપ ઉમરીગર સ્વાગત પ્રવચન કર્યુ હતું. સેન્ટ્રલ ઝોનના વડા શ્રી સી. વાય. ભટ્ટે જણાવ્યું હતું કે, આપણા શરીરની તંદુરસ્તી માટે પણ સ્વચ્છતા ખુબ જરૂરી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૧૮–૨–'૦૭ ના રોજ યોજાયેલ મીની મેરેથોન દોડ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા શહેરીજનોની પ્રાથમિક સુવિધાઓ આપવાની સાથે શહેરીજનોનું આરોગ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે સમયાંતરે તરણ સ્પર્ધા, દોડ સ્પર્ધા રમતોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન કરે છે. તા.૧૮–૨–૨૦૦૭ના રોજ રવિવારે સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી (એસ.વી.આર.એન્જી.કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે મીની મેરેથોન દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તથા આંગણવાડીનાં બાળકોની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી. ''ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' અંતર્ગત તા. ૨૮–૧૧–૨૦૦૬ થી તા. ૧૭–૦૨–૨૦૦૭ દરમ્યાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૨૭૬ પ્રા. શાળા તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓ–૫૦૦ મળી કુલ ૭૭૬ પ્રા. શાળાઓના ૪,૪૧,૭૭૭ બાળકો સુરત મહાનગરપાલિકા સંચાલિત ૩૧૬ આંગણવાડીના ૩૭૨૪૦ બાળકો તથા શાળામાં ન જતા ૫૯૨ બાળકો મળી કુલ ૪,૭૯,૪૧૨ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૨૪ (નાનપુરા–ટીમલીયાવાડ–રૂદરપુરા) વિસ્તારમાં જનજાગૃતિ કાર્યક્રમ



ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના સંદર્ભમાં સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન દ્વારા ''નિર્મળ ગુજરાત–૨૦૦૭, નિર્મળ–સુરત'' અંગે જનજાગૃતિ કેળવવા માટે નાનપુરા માછીવાડ મેઈનરોડ પર એકતા સર્કલ પાસે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આસી. કમિશ્નર શ્રી સી. વાય. ભટ્ટએ જણાવ્યું હતું કે, આપણે કાયદાઓનું પાલન કરીશુ તો આપણા જળ, જમીન અને વાયુને સ્વચ્છ રાખી શકીશું. શ્રી ભરતભાઈ નવસારીવાલાએ ઘરેથી જ સ્વચ્છતાની શરૂઆત કરવા પર ભાર મુકયો હતો. કોર્પોરેટર શ્રી કનુભાઈ પટેલે અભિયાનને સફળ બનાવવા માટે તમામ પ્રજાજનોને અપીલ કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

# નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૦ (હરિપુરા–મહિધરપુરા–રામપુરા –લાલદરવાજા) વિસ્તારમાં જનજાગૃતિ કાર્યક્રમ



ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન દ્વારા રૂઘનાથપુરા મલાર શેરીમાં આવેલ રંગઅવધુત બાગમાં જનજાગૃતિ માટેના એક કાર્યક્રમનું આયોજન કોર્પોરેટર શ્રી જે. પી. શાહના પ્રમુખપદ અને કોર્પોરેટરશ્રી મનોજભાઈ લોટવાલા અને સ્મિતાબેન પટેલના અતિથિવિશેષપદે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સેન્ટ્રલ ઝોનના આસી. આરોગ્ય અધિકારી ડો. પ્રદીપ ઉમરીગર સ્વાગત પ્રવચન કર્યુ હતું. સેન્ટ્રલ ઝોનના વડા શ્રી સી. વાય. ભટ્ટે જણાવ્યું હતું કે, આપણા શરીરની તંદુરસ્તી માટે પણ સ્વચ્છતા ખુબ જરૂરી છે. અતિથિવિશેષ પદેથી શ્રી મનોજભાઈ લોટવાલા અને સ્મિતાબેન પટેલે લોકોને જાગૃત થઈને આવા અભિયાનમાં જોડાઈને શહેરને નિર્મળ બનાવવાની અપીલ કરી હતી. પ્રમુખસ્થાનેથી શ્રી જે. પી. શાહે જણાવ્યું હતું કે, લોકોને હૈયે સ્વચ્છતા રહે એ ખૂબ જરૂરી છે. અભિયાનમાં ઝોનલ ઓફિસર શ્રી ડી. એમ. જરીવાલા પણ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શાળા ક્રમાંક નં. ૧૨૪ની શિક્ષિકાઓ મનીષાબેન મારફતીયા અને આરતીબેન મહેતાએ પ્રાર્થના રજુ કરી હતી. અંતમાં સંકલ્પપત્રનું વાંચન કરી સૌએ સુરત શહેરને નિર્મળ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. આભારવિધિ આરોગ્ય નિરીક્ષક શ્રી જી. ડી. પટેલે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરોગ્ય નિરીક્ષક શ્રી મોહમદ ઈકબાલ શેખએ કર્યું હતું.



TOP

# તા. ૧૮–૨–'૦૭ના રોજ યોજાયેલ મીની મેરેથોન દોડ સ્પર્ધા



સુરત મહાનગરપાલિકા શહેરીજનોની પ્રાથમિક સુવિધાઓ આપવાની સાથે શહેરીજનોનું આરોગ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે સમયાંતરે તરણ સ્પર્ધા, દોડ સ્પર્ધા રમતોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન કરે છે. તા.૧૮–૨–૨૦૦૭ના રોજ રવિવારે સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી (એસ.વી.આર.એન્જી.કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે મીની મેરેથોન દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાઈઓ તથા બહેનોના અલગ અલગ વય ગૃપમાં ૧૮ થી ૩૫ વર્ષ, ૩૫ થી ૫૦ વર્ષ, ૫૦ થી ૬૦ વર્ષ તથા ૬૦ વર્ષથી વધુ વયના સીનીયર સીટીઝન ગૃપ. આમ, કુલ ૮ (આઠ) વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધા દરમ્યાન સ્ત્રીઓએ ૧૦ કિ.મી. તથા પુરૂષોએ ૧૪ કિ.મી.નું અંતર પૂરૂં કરવાનું હતું. સ્ત્રીઓમાં કુલ ૨૫ સ્પર્ધકો તથા પુરૂષોમાં કુલ ૫૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ દોડ સ્પર્ધા ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મ્યુ. સભ્યશ્રી કિર્તીભાઈ શાહએ લીલી ઝંડી ફરકાવી શરૂઆત કરાવી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના દોડવીરો વિજેતા નીવડયા હતા.

| વિજેતાક્રમ | સ્ત્રી વિભાગ | | |
|---|---|---|---|
| | અ<br>૧૮ થી ૩૫ વર્ષ | બ<br>૩૫ થી ૫૦ વર્ષ | ક<br>૫૦ થી ૬૦ વર્ષ |
| **પ્રથમ** | હાનોલવાલા સઈદા મુસ્તફા | પટેલ સ્મૃતિ ડેનિયલ | કિનારીવાલા ઈલાબેન હેમંતકુમાર |
| **દ્વિતિય** | લાકડાવાલા ભુમિકાબેન દેવેન્દ્ર | ઈચ્છાપોરિયા હીના ધ્રુકેશ | મિસ્ત્રી મધુ એન. |
| **તૃતિય** | ભગત અંકિતાબેન દિનેશભાઈ | દવે વંદનાબેન અવિનાશભાઈ | ઈચ્છાપોરિયા હર્ષદાબેન કાંતિલાલ |

| વિજેતાક્રમ | પુરૂષ વિભાગ | | | |
|---|---|---|---|---|
| | અ<br>૧૮ થી ૩૫ વર્ષ | બ<br>૩૫ થી ૫૦ વર્ષ | ક<br>૫૦ થી ૬૦ વર્ષ | ડ<br>સીનીયર સીટીઝન |
| **પ્રથમ** | સેલર મયંક શાંતિલાલ | સેલર યોગેશકુમાર ડાહ્યાભાઈ | પટેલ ઈશ્વરભાઈ પાચીયાભાઈ | પટેલ નરોત્તમ ગંગારામ |
| **દ્વિતિય** | નાવિક જતીન બળવંતભાઈ | સેલર ભૂપેન્દ્ર ચંદ્રકાંત | સેલર ઉત્તમભાઈ નાથુભાઈ | ખત્રી યાકુબભાઈ એમ. |
| **તૃતિય** | સેલર સંજય દલસુખભાઈ | ડો. પ્રશાંત બહેતી | ટાલીયા નરેશચંદ્ર શાંતિલાલ | ત્રિવેદી નલિની અનિલકુમાર |

તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો તેમજ ટ્રોફી અને ૧ થી ૩ ક્રમના વિજેતાઓને ટ્રોફી તથા પ્રમાણપત્રો ડે. મેયર ડો. સુષ્મોબન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા તથા એસ.વી.આર.એન્જી.કોલેજના સ્પોર્ટસ કોચ અને વીર નર્મદ દ. ગુ. યુનિ.ના સ્પોર્ટસ ડાયરેકટર ડો. એન. કે. દત્તાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે મેડીકલ ઓફિસર સહિતની મેડીકલ ટીમ, ફાયર ફાયટર સાથે ફાયર ઓફિસર હાજર રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તથા આંગણવાડીનાં બાળકોની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી.

''ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' અંતર્ગત તા. ૨૮–૧૧–૨૦૦૬ થી તા. ૧૭–૦૨–૨૦૦૭ દરમ્યાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૨૭૬ પ્રા. શાળા તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓ–૫૦૦ મળી કુલ ૭૭૬ પ્રા. શાળાઓના ૪,૪૧,૭૭૭ બાળકો સુરત મહાનગરપાલિકા સંચાલિત ૩૧૬ આંગણવાડીના ૩૭૨૪૦ બાળકો તથા શાળામાં ન જતા ૫૯૨ બાળકો મળી કુલ ૪,૭૯,૪૧૨ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી.

આરોગ્ય તપાસણી દરમ્યાન શાળાના ૪૧,૨૯૭ બાળકો તથા આંગણવાડીના ૫૯૪૪ બાળકોને સામાન્ય બીમારી માટે સ્થળ પર સારવાર આપવામાં આવી ૩૫૪૯ બાળકોને વધુ સારવાર અર્થે શહેરી આરોગ્ય કેન્દ્ર, સ્મીમેર તથા નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. ૩૫૩૪ બાળકોને સંદર્ભ સેવામાં તપાસવામાં આવ્યા હતા જે પૈકી બાળરોગ નિષ્ણાંત દ્વારા ૮૪૪, આંખના નિષ્ણાંત દ્વારા ૬૧૦, દાંતના નિષ્ણાંત દ્વારા ૪૨૧, ચામડીના નિષ્ણાંત દ્વારા ૭૨૭, નાક–કાન–ગળાના નિષ્ણાંત દ્વારા ૪૨૦ તથા અન્ય નિષ્ણાંત દ્વારા ૫૧૨ બાળકોને સંદર્ભ સેવામાં સારવાર આપવામાં આવી હતી.

આરોગ્ય તપાસણી દરમ્યાન પ્રા. શાળાઓમાં હૃદયની બિમારીવાળા ૧૭૦, કીડનીની બિમારીવાળા ૨૩ તથા કેન્સરની બિમારીવાળા ૩ બાળકો મળી આવેલ છે. તેમજ આંગણવાડીમાં હૃદયની બિમારીવાળા ૨૯, કીડનીની બિમારીવાળા ૧ બાળક મળી આવેલ છે. જે તમામ બાળકોની પ્રાથમિક તપાસ માટે સ્મીમેર હોસ્પીટલ તથા નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવેલ છે. આ બાળકોને વધુ સારવારની જરૂર રહેશે ત્યારે યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાડીયોલોજી સંસ્થાન, કીડની ઈન્સ્ટીટયુટ તથા કેન્સર હોસ્પીટલ, અમદાવાદ ખાતે રાજય સરકાર તરફથી સારવાર અર્થે લઈ જવામાં આવશે.

ચાલુ વર્ષે હૃદયની બિમારીવાળા બાળકો પૈકી ૧૨ બાળકો, કીડનીની બિમારીવાળા ૩ બાળકો તથા કેન્સરની બિમારીવાળા ૩ બાળકોને તાત્કાલીક સારવારની જરૂર હોવાથી તેઓને સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે સુપર સ્પેશ્યાલીસ્ટ સારવાર આપવામાં આવી હતી તથા એક બાળકને રાજય બહાર '' ચેન્નાઈ '' ખાતે હૃદયની સારવાર આપવામાં આવી હતી. ૧૨૨ બાળકોને ચશ્માની જરૂરીયાત જણાતા તેઓને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવેલ છે.

TOP

# નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૨૪ (નાનપુરા–ટીમલીયાવાડ–રૂદરપુરા) વિસ્તારમાં જનજાગૃતિ કાર્યક્રમ

ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના સંદર્ભમાં સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન દ્વારા "નિર્મળ ગુજરાત–૨૦૦૭, નિર્મળ–સુરત" અંગે જનજાગૃતિ કેળવવા માટે નાનપુરા માછીવાડ મેઈનરોડ પર એકતા સર્કલ પાસે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આસી. કમિશ્નર શ્રી સી. વાય. ભટ્ટએ જણાવ્યું હતું કે, આપણે કાયદાઓનું પાલન કરીશુ તો આપણા જળ, જમીન અને વાયુને સ્વચ્છ રાખી શકીશું. શ્રી ભરતભાઈ નવસારીવાલાએ ઘરેથી જ સ્વચ્છતાની શરૂઆત કરવા પર ભાર મુકયો હતો. કોર્પોરેટર શ્રી કનુભાઈ પટેલે અભિયાનને સફળ બનાવવા માટે તમામ પ્રજાજનોને અપીલ કરી હતી. આ પ્રસંગે મ્યુ. કોર્પોરેટર શ્રીમતિ વીણાબેન નાણાવટી શ્રી મહેશભાઈ માસ્તર, ઝોનલ ઓફિસર શ્રી ડી. એમ. જરીવાલા તેમજ સામાજીક અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહયા હતા. સંકલ્પપત્રનું સમુહમાં વાંચન કરવામાં આવ્યું હતું. આભારવિધિ મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એમ. એ. મોદીએ તથા કાર્યક્રમનું સંચાલન આરોગ્ય નિરીક્ષક શ્રી મોહમદ ઈકબાલ શેખે કર્યું હતું.



TOP